dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

April 2012 | For private circulation only | Vol. 04 - Issue 79

જે કલા આત્માને આત્મદર્શન કરવાનું શીખવતી નથી તે કલા નથી

- ગાંધીજી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ભારતીય સંસ્કૃતિ જુદી જુદી કળાઓ દ્વારા વ્યકત થતી રહી છે. સંસ્કૃતિના સંદેશને લોકહૃદય સુધી અસરકારક રીતે પહોંચાડવાનું સક્ષમ માધ્યમ કળા છે. ચિત્રકળા, નૃત્યકળા, સંગીતકળા, સાહિત્યકળા, શિલ્પકળા, સ્થાપત્યકળા એ કળાનાં વિવિધ રૂપો છે. આ સર્વ કળાઓની મુખ્ય દેવી સરસ્વતી છે. બુધ્ધિએ વિજ્ઞાન વિકસાવ્યું અને હૃદયે કળા વિકસાવી. માનવજીવનને પાશવિકતામાંથી બચાવી લેવા માટે અને એનામાં માણસાઈના ગુણોનું વાવેતર કરવા માટે તથા તેના સંવેદનતંત્રને જીવંત રાખવા માટે કળાની અત્યંત આવશ્યકતા છે. કળા આજના આપણા સમયમાં જ અસ્તિત્વમાં આવી એવું નથી. માનવના જન્મ સમયથી-આદિ કાળથી, પાષાણયુગમાં પણ કળાનું અસ્તિત્વ હતું. અલબત્ત એનું સ્વરૂપ બદલાતું ગયું અને એનો દિવસે દિવસે વિકાસ થતો ગયો. કળા પ્રત્યેની સભાનતા વધતી ચાલી. કળા અને કળાકાર પ્રત્યેનો આદર વધતો ગયો. કળાના નવાં નવાં ક્ષેત્રો ખૂલતા ગયાં. કળા એટલે સૌદર્યનું નિર્માણ અને આનંદની અભિવ્યકિત. કોઈપણ કળાકાર આપણી સમક્ષ સત્ય-શિવ અને સૌંદર્યની જીવંત સૃષ્ટિનું નિર્માણ કરતો હોય છે. પોતાના અંગત ભાવને સર્વગત ભાવ બનાવી આનંદલોકનો અનુભવ એ કરાવતો હોય છે. કળા પ્રવૃત્તિ સૌદર્યમૂલક અને આનંદમૂલક પ્રવૃત્તિ છે. કળાકાર પોતાની કળામાં આત્માનું અમૃત રેડતો હોય છે. અને સહૃદય ભાવકને રસાનુભૂતિનો અનુભવ કરાવતો હોય છે અને સૌંદર્યની, આનંદની ભૂખ સંતોષતો હોય છે.

સંગીતકળાનું માધ્યમ સૂર છે જે અભૌતિક છે. માણસની લાગણીઓને સુસંસ્કૃત કરવામાં સંગીત મહત્વની ભૂમિકા ભજવે છે. માણસની ઉદાસીનતાને ઓગાળી એને ઉત્સવમાં ફેરવી દે છે. સંગીતના મધુર ધ્વનિથી શરીર-મનના અણુએ અણુ આનંદના અતિરેકથી પરિપૂર્ણ થઈ ઊઠે છે. સામવેદમાં લખ્યું છે : ' "સંગીતની સમજણ અને સંગીત માણવું તે સાત પેઢીનાં પુણ્ય ભેગા થાય ત્યારે આવે છે." તો શેકસપિઅર કહે છે : "જેને સંગીતની ગંધ નહીં, મધુર સ્વરોનો નાદ જેને મોહિત નથી કરતો, એવો માણસ કોઈ પણ જઘન્ય કૃત્ય કરશે, એના પર વિશ્વાસ ન કરશો."

આપણો વિદ્યાર્થી શુદ્ધ સંગીત તરફ ભિમુખ થાય એ કોલાહલભર્યા સમયની અત્યંત જરૂરિયાત છે. નહીં તો પંખીના ટહુકા અને મોંઘીદાટ ગાડીના હોર્ન વચ્ચેનો ભેદ ભૂંસાઈ જશે.

ભારતમાં શાસ્ત્રીય સંગીતની એક સમર્થ પરંપરા રહી છે. પંડિત ઓમકારનાથ આપણા દક્ષિણ ગુજરાતના - ભરૂચના વતની, બહુ મોટા ગજાના સંગીતકાર. ૨૪-૦૬-૧૮૯૭માં તેમનો ઉનેવાળ બ્રાહ્મણ કુળમાં જન્મ, તાલ અને લય ઉપરનું ગજબનું પ્રભુત્વ તથા સ્વરોની વિશિષ્ટ ગોઠવણી તેમની વિશેષતા હતી. 'જોગી મત જા', 'વંદે માતરમ્' રચના ઓમકારનાથના કંઠે સાંભળનાર મંત્રમુગ્ધ થયા વગર ન રહે. નાભિમાંથી નીકળતો એમના અવાજમાં જે ભાવસમૃધ્ધિ હતી તેની નોંધ સૌએ લીધી છે. 'સંગીતાંજલિ'ના છ ભાગની ગ્રંથમાળામાં સંગીતશાસ્ત્રનો અને રાગનો ખજાનો તેમણે આપ્યો છે. 'પ્રણવરંગ' ઉપનામથી અનેક સુંદર બંદિશો આપનાર પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીતના મર્મજ્ઞપુરૂષ હતા. દેશભરના સંગતકારોનો તેઓ આદરપ્રેમ પામ્યા હતા. દક્ષિણ ગુજરાતના આ આભૂષણની સ્મૃતિ સચવાય એવા શુભ આશયથી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય તરફથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને "પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ" પ્રતિ વર્ષ યોજવા માટે દર વર્ષે પચાસ લાખથી વધુનું યોગદાન આપવામાં આવ્યું છે એથી સમગ્ર પંથકમાં અને ખાસ કરીને સંગીત પ્રેમીઓમાં આનંદ વ્યાપી ગયો છે. યુનિવર્સિટી માટે તો આ એક અદ્વિતીય ઘટના છે. પંડિત જશરાજજી અને ગુંદેચા બ્રધર્સ આ પ્રસંગે યુનિવર્સિટીમાં પધાર્યા એથી હૃદયનો આનંદ સ્વાભાવિકપણે બેવડાયો. તેમની ગાયકીએ એક જુદું જ ભાવાવરણ સર્જ્યું હતું. મોડી રાત યુનિવર્સિટીના પરિસરમાં સૂર અને સંગીતના રાગ અને તાલ વહેતા રહયા. યુનિવર્સિટીના ઈતિહાસમાં આ એક અદ્વિતીય પ્રસંગ હતો.

૧૫ એપ્રિલ, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સંગીત સમારોહ

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજય તથા યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે સુરત ખાતે સર્વપ્રથમ આયોજિત પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ ૨૦૧૧ મહોત્સવ તા ૧૭ અને ૧૮ માર્ચ દરમ્યાન પર્વમંચ ખાતે યોજાઈ ગયો. જેનું ઉદ્દ્ઘાટન શ્રી ફકીરભાઈ વાઘેલા (મંત્રીશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સામાજીક ન્યાય અને અધિકારિકતા વિભાગ, ગુજરાત રાજય)ના વરદ હસ્તે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી પ્રોફે. જે.આર. મહેતા, સિન્ડિકેટ અને સેનેટના સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૭ માર્ચ, ૨૦૧૨ના સમારોહના મુખ્ય મહેમાન તરીકે શ્રીમતિ દર્શનાબેન જરદોશ (સાંસદશ્રી, સુરત), શ્રી સી.આર. પાટીલ (સાંસદશ્રી, નવસારી), સુરત શહેરના પ્રથમ નાગરિક શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ અને તા. ૧૮ માર્ચ, ૨૦૧૨ના અતિથિ વિશેષ તરીકે શ્રી ઈશ્વરસિંહ પટેલ (રાજયમંત્રીશ્રી, સહકાર, રમતગમત, યુવા સંસ્કૃતિક પ્રવૃત્તિઓ), શ્રી ભાગ્યેશ જહા (સચિવશ્રી, રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર) અને ડૉ. પ્રદીપ આઝાદ (સચિવ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર) ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે શ્રી ફકીરભાઈ વાઘેલાએ પ્રસંગોચિત પ્રવચનમાં પંડિત ઓમકારનાથના જીવન ઝરમરની વિસ્તૃત ઝાંખી કરાવી હતી. આ સંગીત સમારોહમાં અમદાવાદના શ્રી નિરજ પરીખે રાગ બિહાગથી પ્રારંભ કર્યો હતો. સુરીલા અવાજથી વાતાવરણમાં રંગ લાવી ગાંધાર-નિષદ રજૂ કરતા તેની મજા શ્રોતાઓએ માણી હતી. ત્યારબાદ છોટા ખ્યાલ પ્રસ્તુત કર્યો હતો. તબલા પર માતંગ પરીખ અને હાર્મોનિયમ પર સુધીર યાર્દિએ સુંદર સાથ આપતાં ગાયન ભાવપૂર્ણ રહયું હતું. તાનપુરા પર અમી પરીખ અને સૃષ્ટિએ સુંદર સાથ આપ્યો હતો. ત્યારબાદ પંડિત વિશ્વમોહન ભટ્ટના પુત્ર સલીલ ભટ્ટે મોહનવીણાવાદન રજૂ કર્યું હતું. તબલા પર હિમાંશુ મહંતે સંગત કરી હતી. અંતમાં પદમવિભૂષણ પંડિત જશરાજે રાગ પૂરિયા રજૂ કરી ઝપતાલમાં નિબધ્ધ બંદિશ રજૂ કરી હતી. પંડિતજીના અવાજની સુંદરતાથી ત્રણેય સ્વરૂપમાં ષડજ સુધી ગાઈ શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા. ત્યારબાદ છોટાખ્યાલ રજૂ કર્યો હતો. તબલા અને મૃદંગના સ્થવારે રાગ દરબારીમાં પંડિતજીએ સ્વામી વિવેકાનંદની બંદિશ રતન મોહન શર્મા સાથે રજૂ કરી હતી. અંતમાં ભૈરવી રાગ રજૂ કરી દાદરા તાલમાં ભજન ગાતાં વાતાવરણ ભકિતસભર બની ગયું હતું. રવિવારના રોજ મહોત્સવ અંતર્ગત રાજકિશોર દલબેહરા, પરેશ નાયક, અરવિંદ પરીખ અને ગુંડેચા બ્રધર્સે આગવી શૈલીમાં સંગીતની સુરાવલી છેડી સૌ શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા.




(દીપ પ્રાગટય : માન. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા અને કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર)




(પ્રવચન : માન. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા)




(સન્માન : માન. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા અને પં. જશરાજજી)



(સન્માન : માન. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા અને કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર)



(સન્માન : શ્રી નીરજ પરીખ અને સચિવશ્રી ભાગ્યેશ ઝા)




(પં. જશરાજજી)




(પ્રવચન : ડૉ. પ્રદીપ આઝાદ, સચિવશ્રી)



(દીપ પ્રાગટ્ય : મંત્રીશ્રી, ઈશ્વરસિંહ પટેલ અને
કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર)





(પ્રવચન : મંત્રીશ્રી, ઈશ્વરસિંહ પટેલ)



(શ્રી ગુંદેચા બંધુઓ)



(પ્રેક્ષક ગણ)



(સિતાર વાદન : શ્રી અરવિંદ પરીખ)



(ગાયન : શ્રી પરેશ નાયક, શ્રી સુધીર ચાર્દી અને શ્રી માતંગ પરીખ)



(બાંસુરી વાદન : શ્રી રાજકિશોર દલબહેરા અને તેમના સુપુત્ર)

## સેમિનાર




ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર સાયન્સ દ્વારા તા. ૩, ૪ માર્ચ ૨૦૧૨ દરમ્યાન 'Natural Language Processing and Data Mining' વિષય પર UGC - SAP Sponsored રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ ૨૪૦ જેટલા અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સમારંભનો શુભારંભ દીપ પ્રાગટયથી કર્યા બાદ આમંત્રિત મહેમાનો, કુલસચિવશ્રી પ્રો. જે.આર. મહેતા, સેનેટ-સિન્ડિકેટ સભ્યો તેમજ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સેમિનાર લક્ષી Souvenirનું વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ સેમિનારમાં વિવિધ વિષયો પર આમંત્રિત તજજ્ઞોએ વકતવ્ય રજૂ કરી શિબિરાર્થી / ભાગ લેનાર સર્વેને માર્ગદર્શન આપ્યું હતું. જેમાં પ્રો. ડૉ. બી.બી. ચૌધરી (Indian Statistical Institute Kolkata) દ્વારા 'Pattern Classification and Application to Optical Character Recognition', પ્રો. ડૉ. રાજેન્દ્ર સોનાર (IIT, Mumbai) દ્વારા 'Modeling and Automating Business Intelligence Service', પ્રો. ડૉ. પી. નાગભૂષણ (University of Mysore) દ્વારા 'Symbolic Data Analysis-Histo Analysis, પ્રો. કે.આર. પારદસાની દ્વારા 'Data Mining', પ્રો. ડૉ. જી.એસ. લેહલ (Panjabi University, Patiala) દ્વારા 'Natural Language Processing Technique for Development of Urdu-Hindi Transliteration System', તેમજ પ્રો. ડૉ. પિનાકપાનીપાલ (Indian Statistical Institute Kolkata) દ્વારા 'How to write Research Paper' પર વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ સાથે ૨૬ રિસર્ચ પેપરો અને ૩૦ પોસ્ટરોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું.

સેમિનારના સમાપન સમારંભમાં શિબિરાર્થીઓએ કરેલા આયોજન, શિસ્ત અને ગુણવત્તા અંગેના સંતોષપ્રદ પ્રતિભાવોને સ્વીકારી, કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે સમગ્ર આયોજનને બિરદાવ્યું હતું. ત્યારબાદ આ સમારંભમાં VNSGU Journal of Science and Technology (Vol.3, Issue : 2, March 2012)નું વિમોચન કરવામાં આવ્યું હતું. વિભાગના અધ્યક્ષશ્રી પ્રો. (ડૉ.) અપૂર્વ દેસાઈએ પ્રસંગોચિત વકતવ્ય રજૂ કરી સૌનો આભાર વ્યકત કર્યો હતો.

## એમ.ફિલ.



યુનિવર્સિટીના જે.પી. દાવર ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફરમેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી, એમ.એસસી.ના આસિ. પ્રોફે. શ્રી શૈલેષ એ. ચૌધરીએ ડૉ. રવિ ગુલાટીના માર્ગદર્શન તળે Separation and Identification of English and Gujarati Digits from Bilingual (English-Gujarati) Printed Documents શીર્ષક તળે લઘુશોધનિબંધ પ્રસ્તુત કરેલ. જેને યુનિવર્સિટીએ માન્ય રાખી એમ.ફિલ. (કમ્પ્યૂટર સાયન્સ)ની ડિગ્રી પ્રદાન કરેલ છે. અભિનંદન.

## સ્પર્ધા

યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌપ્રથમ વાર ઈન્ટર ઝોનલ ક્રિકેટ (ભાઈઓ)નું આયોજન યુનિવર્સિટીના ગ્રાઉન્ડ પર કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦૦ કોલેજોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાની ફાઈનલ નવયુગ કોમર્સ કોલેજ, સુરત અને આર્ટ્સ-કોમર્સ કોલેજ, વચ્ચે તા. ૪-૩-૧૨ના રોજ યોજાઈ હતી. જેમાં નવયુગ કોમર્સ કોલેજ, સુરત વિજેતા થઈ હતી. આ સ્પર્ધામાં દાતાશ્રી કમલેશભાઈ પટેલ, નવયુગ કોમર્સ કોલેજ, સુરતના પ્રિ. ડૉ. કે. ઠાકોર, નિયામકશ્રી પોલ ડેવિડ, કોચ શ્રી આર.સી. ભાલાવાલા, સ્પર્ધાના આયોજક એમ.કે. કોમર્સ કોલેજ, ભરૂચના પ્રા. શિરીષ સોલંકી ઉપસ્થિત રહયા હતા.


## ઈ-જર્નલ

UGC Infonet Digital Library Consortium હેઠળ Indian Journals : A Product of Divan Enterprisesનાં જુદા જુદા વિષયોના ૧૪૦ થી વધારે E-Journals ના ટાઈટલ July, 2012 સુધી Trial Access માટે પ્રાપ્ત થયા છે. વધુ વિગત માટે લોગ ઓન કરો : www.vnsgulibrary.org તથા પબ્લિશરની વેબસાઈટ www.indianjournals.com

## સખાવત



પ્રમુખશ્રી, પ્રદિપ જુનેજા
પંજાબી સમાજ



સેક્રેટરીશ્રી, નરેશ સામા
પંજાબી સમાજ

પંજાબી સમાજ, સુરતના પ્રમુખશ્રી પ્રદીપ જુનેજા તથા મંત્રી શ્રી નરેશ સામા તથા તેમની કારોબારીના સભ્યોએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે નવનિર્માણ પામી રહેલા વિવેકાનંદ ધ્યાનકેન્દ્ર સંલગ્ન વિવેકાનંદ વાંચનાલય અને પ્રાર્થના હોલ બાંધવા માટે રૂપિયા ૨૦ લાખની માતબર રકમનું દાન યુનિવર્સિટીને આપવાની જાહેરાત સમાજના અગ્રણીઓએ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર સમક્ષ કરી હતી. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના સંનિષ્ઠ પ્રયત્નોથી આ માતબર રકમનું દાન યુનિવર્સિટીને પ્રાપ્ત થયું છે.

સદર દાનથી બાંધવામાં આવનાર વિવેકાનંદ વાંચનાલય અને પ્રાર્થના હોલથી યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક ભવનોના વિદ્યાર્થીઓને શાંતિમય વાતાવરણમાં વાંચનનો લાભ મળી રહેશે.

પંજાબી સમાજની આ ઉમદા આર્થિક મદદથી યુનિવર્સિટી અને સમાજની ભાગીદારી વધારે મજબૂત થઈ હોવાનું કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું છે.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, ચીખલી દ્વારા Thinker's Race-2012ના ભાગ રૂપે IT Competitions તેમજ રંગોળી અને પોસ્ટરનું આયોજન તા. ૨૮ અને ૨૯ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું હતું. આ

સ્પર્ધામાં ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીના આ. પ્રો. દિવ્યેશભાઈ મિસ્ત્રી તેમજ એમ.આર.ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલીના લીપ્સાબેન અધ્વર્યુએ સેવા આપી હતી. પ્રાસંગિક પ્રવચનમાં પાયોનિયર કોલેજના ઈ.ચા. આચાર્ય ડૉ. યોગેશભાઈ જે. દેસાઈ અને ઉપાચાર્ય ડૉ. ગજાનંદભાઈ પટેલે વિદ્યાર્થીઓને આ પ્રકારની સ્પર્ધામાં ભાગ લઈ પોતાની સુષુપ્ત ક્ષમતાને બહાર લાવવા અપીલ કરી હતી. પરિણામ : Relay Race in C : પારેખ જૈનેશ એ., શાહ ખુશ્બુ એસ. (કોલેજ ઓફ એ.એસ. એન્ડ પી.એસ. ચીખલી). IT Quize : ભટ્ટ આદિતી, શર્મા અમિત (લક્ષ્મી વિદ્યાપીઠ, સરીગામ). Q Basic : સુથાર ચંપકલાલ, શાહ મલ્હાર (દોલત ઉષા કોલેજ, વલસાડ). DFD and System Analysis : સપસરા નીશા, રીઝીયા રીંકલ (એસ.વી પટેલ, સુરત). Mini Project : ગબાણી રોમીત, શેઠા ચિંતન, વિશ્વકર્મા દિપક (માધવ ઈન્સ્ટીટ્યુટ, સુરત). Programming in JAVA : દુધાત ધવલ, કોરાટ રજની (એસ.વી. પટેલ, સુરત). Rangoli : મહેતા પ્રતિક (દોલતઉષા કોલેજ, વલસાડ). Poster Designing : દાતાણી અમિત (એસ.એસ. અગ્રવાલ, નવસારી). Shell Scripting : માલાણી મનોજ, કુકડીયા પરેશ (એસ.વી. પટેલ, સુરત). Seiminar Presentation : સોલંકી મુકેશ (એસ.વી. પટેલ, સુરત). Query Generation : જોગડિયા ધર્મેશ, શાહ જીમીત (સી.બી. પટેલ, સુરત).

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં યોજાયેલ પુસ્તક સમીક્ષા સ્પર્ધામાં પ્રથમ-રાજ મિત્તલબેન, (સાહેબ મને સાંભળો તો ખરા), દ્વિતીય-બારડ વીરભદ્રસિંહ (ચંદ્રશેખર આઝાદ), તૃતીય-ગોહિલ ધર્મેન્દ્ર (સફળ વકતા અને સફળ વ્યકિતત્વ) પુસ્તકની સમીક્ષા કરી હતી. નિર્ણાયક તરીકે પ્રા. કૃણાલભાઈ પંચાલ અને પ્રા. ઉમરાળીયા ભાવિષાબેને સેવા આપી હતી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ડિબેટ કમિટિના ઉપક્રમે તા. ૨૧-૨-૧૨ના રોજ યોજાયેલ કવીઝ સ્પર્ધામાં ૧૯ ટીમોએ ભાગ લીધો. જેકીશન પટેલ અને પ્રદીપ ઝાંઝરની ટીમ વિજેતા રહી હતી. કવીઝ માસ્ટર તરીકે શ્રી મિહીરભાઈ રાવલે સેવા આપી હતી. તદ્‌પરાંત ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે તા. ૨૩-૨-૧૨ના રોજ યોજાયેલ મને ગમતું પુસ્તક વાર્તાલાપમાં પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા આયોજિત આંતર કોલેજ ડીબેટ સ્પર્ધામાં ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન એમ.એડ્.ના તાલીમાર્થી બોસમિયા સંજય ભીખાભાઈએ બુદ્ધિધન, વિદેશગમન વિષયમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. તદ્‌પરાંત નવયુગ આર્ટસ કોલેજ, સુરત સપ્તધારા અંતર્ગત સર્જનાત્મક અભિવ્યકિત ધારાના અને ગુજરાતી વિભાગના સંયુકત ઉપક્રમે સુરત જિલ્લા કક્ષાની ગુજરાતી વિષયની પ્રતિભા શોધ સ્પર્ધામાં પટેલ ચૈતાલીએ ત્રીજો ક્રમ મેળવેલ છે.

ભરૂચ જીલ્લા કલેકટરશ્રીના આદેશાનુસાર નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વરના એસ.વાય. અને ટી.વાય. બી.બી.એ.માં અભ્યાસ કરતા નવ વિદ્યાર્થીઓએ ગુજરાત સરકાર આયોજીત વોટર્સ ડે માં લોકશાહીનું મહત્વ વિષય ઉપર 'જીંગલ મેકિંગ' સ્પર્ધામાં ભરૂચ જીલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ તથા રાજય કક્ષાએ આ વિષયમાં આવેલી પંદરસો એન્ટ્રિમાં થી સાતમું સ્થાન પ્રાપ્ત કરેલ હતું અને રૂા. ૧૫,૦૦૦/- નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરેલ હતો. ડૉ. જે.કે. ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, વડોદરા કોલેજમાં યોજાયેલ 'એકસ્પ્લોર-૨૦૧૧'માં કુ. હેતલ પંડયા, કુ. ગીતાંજલી શર્મા, કુ. પ્રિયંકા પટેલ, કુ. મેહવાઝ અમદાવાદી તથા કુ. અમૃતા ચારસીયા એ પોસ્ટ પ્રેઝન્ટેશનની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને રૂા. ૫,૦૦૦ નો રોકડ પુરસ્કાર તથા ટ્રોફી પ્રાપ્ત કરેલ હતી. ડૉ. જે.કે. ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, વડોદરા કોલેજમાં યોજાયેલ 'એકસ્પ્લોર-૨૦૧૧'માં કુ. ગીતાંજલી શર્મા તથા કુ. મેહવાઝ અમદાવાદી એ 'ઈનિંગમાં' તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અને રૂા. ૨,૦૦૦નો રોકડ પુરસ્કાર તથા ટ્રોફી પ્રાપ્ત કરેલ હતી. જી.આઈ.ડી.સી. રજ્જુ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, વાપી દ્વારા આયોજીત 'ઈન્સેપ્ટમ-૨૦૧૨' ની ન્યુ પ્રોડકટ ડેવલપમેન્ટ સ્પર્ધામાં કુ. શ્રધ્ધા ચૌધરી, કુ. હિનલ પરમાર, કુ. મીના પરમાર, કુ. કલ્પના રાઠોડ તથા કુ. નાઝનીન કુરેશીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રૂા. ૧,૦૦૦ નો રોકડ પુરસ્કાર તથા ટ્રોફી પ્રાપ્ત કરેલ હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં સાર્વજનિક મહિલા મંડળ, બારડોલી દ્વારા ૧૮ વર્ષથી ઉપરની બહેનો માટે શિવરાત્રી મહોત્સવ વિષયની ચિત્રકામ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં માહયાવંશી અલ્પાબેન-પ્રથમ, તથા ગુપ્તા રાજકુમારી-તૃતીય વિજેતા રહયા હતા. દ્વિતીય-બારડોલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની રાજપૂત અનુરાધા રહી હતી. મહિલામંડળ તરફથી વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. મીનાબેન પરમાર તથા પ્રા. રોશનીબેન આયતોડાએ સેવા આપી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ બેડમિન્ટન (ભાઈઓ) ટુર્નામેન્ટ નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર મુકામે યોજાઈ હતી. જેમાં ૩૬ જેટલી ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં NLCCMની ટીમે કવાટર ફાઈનલ મેચ PRB આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી સેમી ફાયનલ મેચ નવનિર્માણ કોલેજ સુરતને અને ફાઈનલ મેચમાં નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર ને ૨-૦ થી હરાવી નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીએ સતત બીજા વર્ષમાં ચેમ્પિયનશીપ હાંસલ કરી છે.



વીર નર્મદ દક્ષિણ ગુજરાતની આંતર કોલેજ બાસ્કેટબોલ સ્પર્ધા-૨૦૧૧-૧૨માં એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ, સુરત વિજેતા બની હતી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાતની આંતર કોલેજ ફૂટબોલ સ્પર્ધા-૨૦૧૧-૧૨માં એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ, સુરત વિજેતા બની હતી. છેલ્લા ૪ વર્ષથી આ સ્પર્ધામાં કોલેજ વિજેતા થતી આવી છે.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત આયોજિત ડી ઝોન આંતર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૧-૧૨માં ૨૯ કોલેજોએ ભાગ લઘો હતો. જેમાં નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીએ વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરાને પરાજિત કરીને વિજય મેળવ્યો હતો. નારણલાલા કોલેજ ડી-ઝોન ચેમ્પિયનશીપ બીજી વખત મેળવેલ છે.



ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન અને માઈક્રોબાયોલોજી સ્ટડી સેન્ટર નડિયાદના સંયુકત ઉપક્રમે એમ.બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ મુકામે ૨૩મી રાજયકક્ષાની સ્પર્ધાઓ માઈક્રોટેક-૨૦૧૧-૧૨નું આયોજન થયું હતું. જેમાં નારણલાલા કોલેજની શાહ પંકિત એમ. સેમીનાર કોમ્પિટીશનમાં પ્રથમ અને સાયન્સટૂન કોમ્પીટીશનમાં પઠાણ સગુફતા એ. પ્રથમ ક્રમે વિજેતા થઈ.

## વાર્ષિકોત્સવ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના ૩૯મા વાર્ષિકોત્સવ અને પારિતોષિક વિતરણ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ શ્રી ગફુરભાઈ બિલખીયાએ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થતી અનેકવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓને અને શિસ્તભર્યા વાતાવરણને બિરદાવીને વિદ્યાર્થીઓ જિલ્લા, યુનિવર્સિટી અને રાજય લેવલે વિવિધ સ્પર્ધાઓમાં અર્થપૂર્ણ રીતે ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરીને પોતાનું અને કોલેજનું ગૌરવ વધે તેની કદરરૂપે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ માટે જુદી જુદી પ્રવૃત્તિઓમાં ભાગ લઈને વિજેતા થનાર વિદ્યાર્થીઓને મેડલ્સ, ઈનામ અને પારિતોષિક માટે રૂા. ૨,૦૦,૦૦૦/-ની ઉદાર સખાવત જાહેર કરી હતી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૧-૩-૧૨ના રોજ વર્ષ ૧૧-૧૨નો વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકના મુખ્ય મહેમાનપદે અને નગરપાલિકા પ્રમુખ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલના અતિથિવિશેષ પદે યોજાઈ ગયો. વિવિધ પ્રવૃત્તિઓમાં ઈનામ મેળવનાર અને તેજસ્વી વિદ્યાર્થીઓને મહેમાનો અને આચાર્યશ્રીના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા. પ્રિ. ડૉ. ભારતીબેન પંચોલીએ દ્રશ્ય-શ્રાવ્ય દ્વારા કોલેજની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. તદ્‌પરાંત તા. ૨-૩-૧૨ના રોજ વાપી, સેવલાસ અને તિથલનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં પારલે બિસ્કિટની ઉત્પાદન પ્રક્રિયાઓને સમજવામાં આવી હતી.

શ્રી માધવ ઈન્સ્ટિટયૂટ ઓફ કમ્પ્યૂટર એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી, બી.સી.એ. અને ભગિની બી.એડ્. તથા બી.બી.એ. કોલેજનો 'નારીશકિત', 'યુવાશકિત', 'સ્વદેશપ્રેમ' વિચાર આધારિત ત્રિવિધ રંગમંચ કાર્યક્રમ-૨૦૧૨ સંસદસભ્યશ્રી સી.આર. પાટીલના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ત્રણેય કોલેજોના તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક આપવામાં આવ્યા હતા. તદ્‌પરાંત ટ્રસ્ટીશ્રી વિમલજી પોદ્દાર દ્વારા ૨૧ વિદ્યાર્થીઓને દર વર્ષે વિદ્યાર્થી દીઠ ૫૦૦૦ રૂપિયા સ્કોલરશિપ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ભિલાડમાં તા. ૨૩-૨-૧૨ના રોજ હિન્દી ફિલ્મોના અદાકાર હેમંત બિરજેના મુખ્ય મહેમાનપદે વાર્ષિકોત્સવ તેમજ ટી.વાય.બી.એ., બી.કોમ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગના ઉદ્‌ઘાટક તરીકે ભિલાડના સામાજીક કાર્યકર શ્રી ઈજ્જુભાઈ શેખ ઉપસ્થિત રહયા હતા. આચાર્યશ્રીએ વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવી શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ આદિવાસી નૃત્ય, ટીંગુ નૃત્ય, મોનો ડાન્સ, મરાઠી નૃત્ય, ડાંગી નૃત્ય, રાજસ્થાની નૃત્ય અને ગરબો પ્રસ્તુત કર્યો હતો. યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને યુથ એકશન ફોર્સ દમણ અને દીવના સેક્રેટરી શ્રી ઉમેશભાઈ પટેલ દ્વારા શિલ્ડ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. સોનલબેન પ્રજાપતિ અને પ્રા. રમેશભાઈ ચૌહાણે કર્યું.

કોલેજ ઓફ એજયુકેશન, ખરોડનો એકવીસમો વાર્ષિકોત્સવ શ્રી કેસરીસિંહ સાયણીયાના અધ્યક્ષપદે તથા વાય. વિજયશંકરના અતિથિવિશેષ પદે યોજાઈ ગયો. કાર્યક્રમના પ્રારંભે આચાર્ય ડૉ. પ્રફુલસિંહ રાજે મહેમાનોનું સ્વાગત કર્યું હતું તથા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કોલેજની ગતિવિધિઓ રજૂ કરી હતી. તાલીમાર્થીઓએ સ્વાગત નૃત્ય, રાજસ્થાની નૃત્ય, રાસ, નાટક, ફની ડાન્સ જેવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. અતિથિવિશેષ પદેથી વાય. વિજયશંકરે શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે કોલેજના પ્રદાનને બિરદાવ્યા હતા અને શિક્ષક પાસેની અપેક્ષાઓ વ્યકત કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષશ્રી કેસરીસિંહ સાયણીયાએ જૂના સંસ્મરણો વાગોળ્યા હતા અને કોલેજ શિક્ષક પ્રશિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે એવો વિચાર રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના મંત્રીશ્રી મહંમદભાઈ ભૈયાત અને ટ્રસ્ટીશ્રી ઐયુબભાઈ બાલા પણ ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ પ્રા. પારૂલબેન ટંડેલે કરી હતી. તથા કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી વિકાસભાઈ પટેલ અને ઝેબા ફડવાલાએ કર્યું હતું.

અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ બી.સી.એ. કોલેજ સાબરગામમાં આઠમો વાર્ષિક મહોત્સવ અને ઈનામ વિતરણ સમારંભ તા. ૨૮-૨-૨૦૧૨ના રોજ યોજાયો હતો. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી બળદેવસિંહજી મહિડા, ઉપપ્રમુખ શ્રી રમણલાલ પટેલ, માનદ્‌મંત્રીશ્રી ઈશ્વરલાલ જી. પટેલ તેમજ મુખ્ય ટ્રસ્ટીશ્રીઓ તથા આચાર્યશ્રી ડૉ. પી.એચ. ભાઠાવાલા, માનદ નિયામકશ્રી નટવરસિંહજી મહિડા તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં સમારંભનું ઉદ્‌ઘાટન પ્રમુખશ્રી બળદેવસિંહજી મહિડાએ કર્યું હતું. તેમજ માનદ્‌મંત્રીશ્રી ઈશ્વરલાલ જી. પટેલે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ બનાવવા શીખ આપી હતી. તેમજ અન્ય મહાનુભાવો એ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન મેળવેલ શૈક્ષણિક સિધ્ધિઓ તેમજ સાંસ્કૃતિક અને ખેલકુદ ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓના સર્ટીફિકેટ તથા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. તરૂલતા પટેલ, સહ અધ્યક્ષો તથા તમામ અધ્યાપકો અને વહીવટી સ્ટાફ દ્વારા થયું હતું.

## વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ગુજરાત કેળવણી પરિષદ અમદાવાદ તેમજ કમલા કોલેજ ઓફ એજયુકેશન, ખોલવડ, કામરેજના સંયુકત ઉપક્રમે ૧૧-૧૨ ફેબ્રુઆરી ૨૦૧૨ દરમ્યાન 'શિક્ષણ વિમર્શ' કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર, ગુજરાત કેળવણી પરિષદના મંત્રી શ્રી અરવિંદભાઈ દેસાઈ, શ્રી રાજેશ દલાલ, ડૉ. અશોક વ્યાસ, શિક્ષણ વિભાગના અધ્યાપકો, યુનિવસિટીના આચાર્યો, કર્મચારી, બી.એડ્. કોલેજોના અધ્યાપકો અને શિક્ષણપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા. ઉપસ્થિત શિક્ષણપ્રેમીઓએ વર્તમાન સમસ્યાઓના પ્રશ્નો, પર ચર્ચા વિચારણા કરી હતી. વકતાશ્રી રાજેશ દલાલે How to Empower teacher to make learning dynamic in the class room પરના વકતવ્ય દ્વારા બધી જ સમસ્યાઓનો યોગ્ય અને સચોટ ઉદાહરણ સાથે સમાધાન આપ્યું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું કે આજે ખરેખર આવા કાર્યક્રમો યોજવાની ખુબ જ જરૂર છે. જેના થકી આપણે સૌ સાથે મળીને સાચી કેળવણી આપવા માટે સક્ષમ બની શકીએ, પરિણામ સ્વરૂપે શિક્ષણ જગતને યોગ્ય દિશા અને દશા સાંપડી શકે.

યુનિવર્સિટી સંલગ્ન આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત બીલીમોરા સ્થિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં તા. ૨૨-૨-૧૨ના રોજ અમરોલી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યશ્રી અને સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ 'અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ માનવસંબંધ' વિષય વિસ્તારપૂર્વક જીવનના પ્રત્યેક ક્ષેત્રે લેવાના અગત્યના નિર્ણયો અનિવાર્ય એવા પૂર્વ આયોજનો અને વિકાસના ઉપક્રમમાં વ્યકિતગત અને સંસ્થાગત કાળજીઓ, વર્તમાન સમયની સામાજિક અને કાનુની જટિલતા અંગે જીવંત ઉદાહરણો આપી ભાવિ શિક્ષકો માટે સુંદર ભાથું પૂરું પાડયું હતું. તેમના વરદ હસ્તે ચાલુ સાલે બી.એડ્.નો અભ્યાસ કરતા ગત વર્ષની યુનિવર્સિટીની સ્નાતક/અનુસ્નાતક કક્ષાની પરિક્ષામાં યુનિવર્સિટી ફર્સ્ટ આવનાર તાલીમાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાન ખાતે મનોવિજ્ઞાનિક સલાહકાર અને કેરીયર કાઉન્સેલર શ્રી વી.ડી. ભટ્ટનું વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે "બુધ્ધિ અને સ્મૃતિ શિક્ષણના સંદર્ભે" વિષય પર ભાવિ શિક્ષકોને પોતાના જ્ઞાનનું અને અનુભવનું ભાથું પીરસ્યું હતું.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.), સુરતમાં ગુજરાત જર્નલ ઓફ સાયકોલોજીના ચીફ એડીટર ડૉ. એસ.સી. કાનાવાલાનું "બી.એફ. સ્કીનરનો અધ્યયન સિદ્ધાંત" વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં એમ.કોમ.ના વિદ્યાર્થીઓ માટે મા ફાઉન્ડેશન, વાપીના પ્રોજેકટ મેનેજરશ્રી ધવલભાઈ પંચોલીએ કારકિર્દી વિષયક વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે અંગ્રેજી ભાષા, કમ્પ્યૂટર નોલેજ, કમ્યૂનિકેશન સ્કીલ અને જનરલ નોલેજ વિષે વાત કરી હતી. તથા એમ.કોમ.ના વિદ્યાર્થીઓને નેટ, સ્લેટની પરીક્ષાનું શ્રી દિપેશ શાહ અને શ્રી હેમરાજ ચૌહાણે માર્ગદર્શન અને વિદ્યાર્થીઓને સ્ટડી મટીરીયલ્સ આપવામાં આવ્યું હતું. તદ્પરાંત નેટ-સ્લેટ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓના પુસ્તકોનું પ્રદર્શન ગ્રંથાલયમાં ગોઠવવામાં આવ્યું હતું.

કોલેજ ઓફ એજયુકેશન, ખરોડના પૂર્વ પ્રશિક્ષણાર્થીઓના મંડળ "સેતુ"ના ઉપક્રમે યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી શિક્ષણશાસ્ત્ર ભવન, વલ્લભવિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટના પૂર્વ પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવેએ પોતાના રજૂ કર્યા હતા. આ પ્રસંગે અતિથિવિશેષપદે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમારોના નિવૃત આચાર્ય ડૉ. નાનુભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા અને શિક્ષણનું સાચું સ્વરૂપ કયું છે એ અંગે મનનીય વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે વિશેષાંક શિક્ષણ અને જીવનમાં માનવસંબંધોનું વિમોચન કરાયું હતું. આચાર્ય ડૉ. પ્રફુલસિંહ રાજના પુસ્તક પ્રશિક્ષણના પંથનો પણ લોકાર્પણવિધિ યોજાયો હતો. કાર્યક્રમમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર પૂર્વ તાલીમાર્થીઓ કવિશ્રી કિરણભાઈ ચૌહાણ અને સાધનાબેન બાવિસ્કરનું સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલન શ્રી વિરેનભાઈ ઘડિયાળીએ કર્યું હતું.

## આરોગ્ય

આયુષ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ, ભારત સરકાર દ્વારા પુરસ્કૃત કેન્દ્રીય હોમિયોપેથીક અનુસંધાન, પરિષદ, નવી દિલ્હીના અનુદાનથી સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા તાપી જિલ્લાના સોનગઢ, વ્યારા, ઉચ્છલ અને વાલોડ તાલુકાના ૧૨ ગામોમાં તા. ૮-૯-૧૧ થી ૨૦-૨-૧૨ સુધીમાં સામાજીક જાગૃતિ અને વિનામૂલ્યે હોમિયોપેથિક નિદાનના સારવાર કેમ્પો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા. જેમાં ૫૦૦૦ થી વધુ ગરીબ દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. તા. ૧૧-૩-૧૨ના રોજ કાળિદાસ હોસ્પિટલ ખાતે ડાયાબિટીશ અને બ્લડપ્રેશરવાળા દર્દીઓ માટેનો કેમ્પ યોજાઈ ગયો. જેનું ઉદ્ઘાટન ભારત સરકારના મંત્રીશ્રી ડૉ. તુષાદભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું. જેમાં તેમણે પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખશ્રી શિરિષભાઈ પ્રધાને કર્યું હતું. આ કેમ્પમાં ૧૯૭ દર્દીઓએ ભાગ લીધો હતો, અને તેમાં નામાંકિત, નિષ્ણાંત તબીબોએ સેવા આપી હતી. કાળીદાસ હોસ્પિટલ તરફથી આનુષાંગિક ઉપકરણોની સેવાઓ અને વિનામૂલ્યે દવાઓ પૂરી પાડવામાં આવી હતી. સંસ્થાના ટ્રસ્ટી અને રેડક્રોસ સોસાયટી તાપી જિલ્લા શાખાના ચેરમેન શ્રી દિનેશભાઈ ભટ્ટે આભારવિધિ કરી હતી.

## મુલાકાત




કુલપતિ શ્રી દક્ષેશભાઈ ઠાકરે ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમર્સ, બી.બી.એ. તથા બી.સી.એ. કોલેજોની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન કુલપતિશ્રીએ કોલેજ કેમ્પસ અને તેની સુવિધાઓનું નિરિક્ષણ કર્યું હતું. અને ત્યાર બાદ ટ્રસ્ટીઓ તથા કોલેજ પરિવાર સાથે એક અનૌપચારિક મુલાકાત યોજી હતી. કોલેજ પરિવાર તથા ટ્રસ્ટ વતી ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઈ દેસાઈએ સાલ ઓઢાડી તથા ઉપપ્રમુખશ્રી કીરિટભાઈ ગાંધીએ પુષ્પગુચ્છથી કુલપતિશ્રીનું સન્માન કર્યું હતું. ટ્રસ્ટી શ્રી અરૂણભાઈ જરીવાલાએ ટ્રસ્ટનો પરિચય આપ્યો હતો. આચાર્ય ડૉ. એ.જી. મહેતાએ કુલપતિશ્રીનો પરિચય આપ્યો હતો અને સાથે સાથે કોલેજોનો પરિચય પણ ટૂંકમાં આપ્યો હતો. અંતે કુલપતિશ્રીએ માનનીય પ્રવચન કર્યું હતું અને કોલેજ તથા ટ્રસ્ટની કામગીરી અંગે સંતોષ વ્યકત કરી ઉજવલ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

## સેમિનાર

સે શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં નવસારી, વલસાડ, અને ડાંગ જિલ્લાની બી.એડ્. પી.ટી.સી. અને ડાયેટના અધ્યાપકો માટે કાર્યશિબિર યોજાઈ ગઈ. જેમાં ૬૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહયા હતા. આ કાર્યશિબિરના તજજ્ઞ તરીકે યુનિવર્સિટીના શિક્ષણ વિભાગનાં પ્રોફે. ડૉ. દીપિકાબેન શાહે સેવા આપી હતી. ઈન્ચાર્જ આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે પ્રસંગોચિત વ્યાખ્યાન આપ્યું હતું. ઉદ્‌ઘાટન સમારંભના અધ્યક્ષ અને પૂર્વ આચાર્યશ્રી ડૉ. દિનુભાઈ નાયકે ડૉ. દીપિકાબેન શાહ સંપાદિત "શૈક્ષણિક સંશોધન : સાર સંગ્રહ" પુસ્તકનું વિમોચન કર્યું હતું. કેમ્પસ ડાયરેકટરશ્રી ડૉ. પિછોલિયાએ આશીર્વચન પાઠવ્યા હતા. સમાપન સમારંભના અધ્યક્ષ પ્રિ. ડૉ. એમ.એન. વશીએ વિદ્યાર્થીઓના પ્રતિભાવો સાંભળીને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યશિબિરનું વ્યવસ્થાપન અને સંકલન પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કર્યું હતું. તદ્‌પરાંત તા. ૪-૩-૧૨ના રોજ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**શૈક્ષણિક સંશોધન : સાર સંગ્રહ (૧૯૭૮–૨૦૦૯)**

મુખ્ય સંપાદક : દીપિકા ભદ્રેશ શાહ.

પ્રકાશક : અમદાવાદ : પ્રમુખ પ્રકાશન. જાન્યુઆરી, ૨૦૧૨

કિંમત : રૂા. ૯૦૦-૦૦. પૃ. ૭૨૨

યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. દીપિકાબેન શાહ સંપાદિત આ ગ્રંથમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં ઈ.સ. ૧૯૭૮ થી ૨૦૦૯ સુધીના એમ.એડ. કક્ષાના કુલ ૯૬૩ અને પીએચ.ડી. કક્ષાના કુલ ૧૦૩ સંશોધન સાર મળી સમગ્રતયા કુલ ૧૦૬૬ સંશોધન સાર આ ગ્રંથમાં ઉપલબ્ધ છે.

સંશોધન હાથ ધરવા અંગે સૈધ્ધાન્તિક સમજ મેળવવા માટે મૂળ શોધનિબંધોનું અવલોકન કરવું પડે. પરંતુ આ ગ્રંથ થકી ભાવિ સંશોધકોને એક જ ગ્રંથમાંથી સંશોધક, વર્ષ, સંશોધનનું શીર્ષક, માર્ગદર્શકનું નામ, સંશોધનના હેતુઓ, વ્યાપવિશ્વ અને નમૂનો, ઉપકરણો, સંશોધનની પધ્ધતિ, માહિતી પૃથકકરણની રીત અને તારણો એક જ ગ્રંથમાં ઉપલબ્ધ છે.

આ ગ્રંથમાં ૧૯૭૮-૨૦૦૯ દરમ્યાન હાથ ધરાયેલા સંશોધનોનું વિહંગાવલોકન પ્રસ્તુત કરવામાં આવેલ છે. જેમાં સંશોધનકાર્યોની વર્ષવાર ઉપલબ્ધિતાની આંકડાકીય માહિતી, વર્ષ અનુસાર ઉપલબ્ધ થયેલાં સંશોધનો, સંશોધનક્ષેત્ર અનુસાર હાથ ધરાયેલા સંશોધનો, શાળેય વિષયો અનુસાર હાથ ધરાયેલાં સંશોધનો સંશોધનો માટે ઉપયોગમાં લેવાયેલાં ઉપકરણોની સંખ્યા, શિક્ષણ કાર્યક્રમો અનુસાર હાથ ધરાયેલાં સંશોધનોની સારણીઓ અનુસાર અદભૂત માહિતી સંગૃહિત છે.

સંશોધન પ્રકલ્પને પ્રસ્તુત કરતું આ પુસ્તક ઉપયોગકર્તા માટે ગૌણ માહિતી સ્ત્રોત તરીકેની ગરજ સારે છે. જે થકી સંશોધકો અને ગ્રંથાલયના કર્મચારીઓનો સમય બચશે. તદ્‌પરાંત સંશોધનકાર્યને બેવડાતું અટકાવવા માટે આ ગ્રંથ પથદર્શક બનશે. સંશોધકના સંશોધનક્ષેત્ર કે સમસ્યા સાથે સંબંધિત પૂર્વે થયેલ સંશોધનની માહિતી આ ગ્રંથમાંથી પ્રાપ્ત કરી તેના વિશે વધુ માહિતી સમજવા માટે મૂળ શોધનિબંધને પણ અવશ્ય જોવો પડશે.

આ પ્રકારના ગ્રંથો ગ્રંથાલયના ઉપભોકતાઓને આપવામાં આવતી સેવાઓ માટે બહુ જ ઉપયોગી સાબિત થાય છે. આ ગ્રંથનું જમા પાસું એ રહયું છે કે વિવિધ વિષયો અનુસાર સાર સંગ્રહોને પ્રસ્તુત કરવામાં આવ્યા છે. જે ઉપયોગકર્તાને વધુ ઉપયોગી નીવડે છે. તદ્‌પરાંત પુસ્તકના છેલ્લા સાર સ્વરૂપે સંશોધકો અને સંશોધનોની યાદી આપવામાં આવેલ છે. આ યાદી થકી આ પુસ્તકના ઉપયોગકર્તાને એ માહિતી પૂરી પાડે છે કે તેની ઈચ્છિત માહિતી કયા પૃષ્ઠ ઉપર ઉપલબ્ધ છે.

પ્રોફેસર દીપિકાબેન શાહ યુનિવર્સિટી ગ્રંથાલયના કાયમી ઉપયોગકર્તા છે અને આ ગ્રંથ તૈયાર કરવા માટે બહેનશ્રીએ અને તેમના અન્ય સંપાદકોએ યુનિવર્સિટી ગ્રંથાલયનો સવિશેષ ઉપયોગ કર્યો છે તેનો મને આનંદ છે. તદ્‌પરાંત બહેનશ્રીએ પ્રકાશિત કરેલા અન્ય ગ્રંથો યુનિવર્સિટી ગ્રંથાલયને ભેટ સ્વરૂપે અર્પણ કરેલ છે તેનો સવિશેષ આનંદ છે. એમ.એડ. કક્ષાના કુલ ૯૬૩ અને પીએચ.ડી. કક્ષાના કુલ ૧૦૩ સંશોધન સારો મળી સમગ્રતયા કુલ ૧૦૬૬નું અવલોકન કરવું એ જ કપરું કાર્ય છે. ત્યારબાદ તેના સાર તૈયાર કરવા એ ભગીરથ કાર્ય છે. આ કાર્યને બહેનશ્રી અને તેમના સાથીદારોએ સુપેરે પાડ પાડીને ઉચ્ચશિક્ષણમાં એક બેનમૂન ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. આ કાર્ય માટે શિક્ષણશાસ્ત્રનાં મનીષી અને સરળ અને નિખાલસ એવા પ્રોફે. દિપીકાબેન હૃદયપૂર્વકના અભિનંદનના અધિકારી બને છે. બહેનશ્રીએ તેમના નામને પણ ઉત્તમ રીતે સાર્થક કર્યું છે. રાજયની અન્ય યુનિવર્સિટીઓની બધી વિદ્યાશાખાઓમાં આ પ્રકારનું કાર્ય કરવા માટે આ ગ્રંથ ચોકકસ માર્ગદર્શક બનશે જ.

આ અગાઉ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા પ્રકાશિત "શૈક્ષણિક સંશોધનોના સારાંશ : ૧૯૭૮ થી ૨૦૦૬" ગ્રંથ આપણને પ્રાપ્ય થયા છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટના એમ.એડ. અને પીએચ.ડી. કક્ષાના શોધનિબંધોના સાર સંગૃહિત આ પ્રથમ પ્રકાશન છે. જે અન્ય વિભાગો માટે પણ પ્રેરણાસ્ત્રોત બન્યું છે.

આ ગ્રંથ લેખકશ્રી તરફથી ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે જે યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian

Published by : J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com